# Instructions to Participate in Offline Round – Government / GIA / MSU (SFI) / IITRAM (GUJCET based vacancy)

**Aspiring Candidates of First Year Degree Engineering who wish to participate in the Offline Round for vacant seats should carefully follow the instructions below:**

1. **Candidate shall give the consent by log-in to their account.**
    - Candidate shall Read and understand all the terms and conditions of the Offline Round.
    - Give your consent to participate in the Offline Round and take fresh print out of the candidate profile.
    - Take a note that once consent is given, a revised merit rank will be issued specifically for this round.
2. **Candidate shall understand the Impact on their existing admission**
    - If a new seat is allotted to you in the Offline Round from above institutes, your previously confirmed admission from an earlier round will be automatically cancelled issued from ACPC.
    - Once a new seat is allotted, your previous admission will be cancelled even if you do not report to or join the newly allotted seat.
    - If no seat is allotted to you according to your choices, your previously confirmed admission will continue and remain valid.
3. **Candidates and parents shall take a note**
    - no Additional Documents Required for Consent After giving consent to participate in the Offline Round, no additional documents need to be submitted specifically for giving consent.
    - **Candidates participating in the Offline Round must personally remain present at ACPC on 25.08.2026 for offline counselling as per Schedule.**
    - **Candidates must carry the required tuition fee in cash only:**
        - **₹1,500 for Government and GIA institutes.**
        - **₹20,000 for MSU (SFI) and IITRAM.**
4. **All aspiring candidates shall check vacancy position**
    - The provisional vacancy is available on the website.
    - The final vacancy will be displayed on 24.08.2026 at 12:00 noon. Candidates should check the final vacancy before attending the Offline Round.

5. All candidate shall take a note that, giving consent or participating in the Offline Round does not guarantee admission. Vacant seats arising due to reshuffling may also be offered during the same round, subject to the condition that the allotment does not result in any merit violation.
6. If a new seat is allotted and the previous admission is cancelled, the fees paid in the previous round will be refunded as per Rule 17 of the Vacant Seats Admission Rules for Degree Engineering.
7. Last date of giving consent to participate in offline round is 23.08.2026 till 5PM. No further request will be entertained.
8. If any vacancy (purely due to non-allotment) arises after offline round, the notice and advertisement will be published on ACPC website on 27.08.2026.
9. The candidate who has not possess ACPC rank will be able to participate in round announced on 27.08.2026 after vacancy arises due to non-allotment in this round.

# ઓફલાઇન રાઉન્ડમાં ભાગ લેવા માટેની સૂચનાઓ – Government / GIA / MSU (SFI) / IITRAM (GUJCET આધારિત ખાલી બેઠકો)

**ઓફલાઇન રાઉન્ડમાં ભાગ લેવા માટેની સૂચનાઓ**

**પ્રથમ વર્ષના Degree Engineeringમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા અને ખાલી બેઠકો માટેના ઓફલાઇન રાઉન્ડમાં ભાગ લેવા ઇચ્છતા ઉમેદવારોએ નીચેની સૂચનાઓનું ધ્યાનપૂર્વક પાલન કરવું:**

1. **ઉમેદવારે પોતાના એકાઉન્ટમાં લોગ-ઇન કરીને સંમતિ આપવાની રહેશે**
   - ઉમેદવારે પોતાના એકાઉન્ટમાં લોગ-ઇન કરીને નીચેની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
   - ઓફલાઇન રાઉન્ડના તમામ નિયમો અને શરતો ધ્યાનપૂર્વક સમજી લેવાના રહેશે.
   - ઓફલાઇન રાઉન્ડમાં ભાગ લેવા માટે પોતાની સંમતિ (Consent) આપવી અને ત્યારબાદ ઉમેદવારની પ્રોફાઇલની નવી પ્રિન્ટ કાઢવાની રહેશે.
   - સંમતિ આપવામાં આવ્યા બાદ, આ રાઉન્ડ માટે નવો મેરિટ રેન્ક આપવામાં આવશે.
2. **ઉમેદવાર અને તેના માતા-પિતા/વાલીએ નીચેની બાબતો ખાસ ધ્યાનમાં લેવા વિનંતી.**
   - ઉપરોક્ત સંસ્થાઓમાંથી કોઈ નવી બેઠક ઓફલાઇન રાઉન્ડમાં ફાળવવામાં આવે, તો અગાઉના રાઉન્ડમાં ACPC દ્વારા ફાળવવામાં આવેલ અને કન્ફર્મ થયેલ પ્રવેશ આપમેળે રદ થઈ જશે.
   - એકવાર નવી બેઠક ફાળવવામાં આવ્યા બાદ, ઉમેદવાર નવી ફાળવવામાં આવેલી બેઠક પર રિપોર્ટ ન કરે અથવા પ્રવેશ ન લે, તો પણ અગાઉનો પ્રવેશ રદ થઈ જશે.
   - જો ઉમેદવારની પસંદગી મુજબ આ રાઉન્ડમાં કોઈ બેઠક ફાળવવામાં નહીં આવે, તો અગાઉના રાઉન્ડમાં કન્ફર્મ થયેલો પ્રવેશ યથાવત્ ચાલુ રહેશે અને માન્ય રહેશે.
3. **ઉમેદવાર અને માતા-પિતા/વાલીએ નોંધ લેવી કે,**
   - ઓફલાઇન રાઉન્ડ માં ભાગ લેવા માટે સંમતિ આપ્યા બાદ, માત્ર સંમતિ આપવા માટે કોઈ વધારાના દસ્તાવેજો રજૂ કરવાની જરૂર રહેશે નહીં.

- **ઓફલાઇન રાઉન્ડમાં ભાગ લેનારા ઉમેદવારે 25.08.2026ના રોજ ACPC ખાતે ઓફલાઇન કાઉન્સેલિંગ માટે વ્યક્તિગત રીતે કાર્યક્રમ ના સમય મુજબ હાજર રહેવું ફરજિયાત છે.**
- **ઉમેદવારે જરૂરી ટ્યુશન ફી માત્ર રોકડમાં સાથે લાવવાની રહેશે:**
    - **₹1,500 – Government અને GIA સંસ્થાઓ માટે.**
    - **₹20,000 – MSU (SFI) અને IITRAM માટે.**

4. તમામ પ્રવેશ ઇચ્છુક ઉમેદવારોએ ખાલી બેઠકોની સ્થિતિ ધ્યાને લેવાની રહેશે. જેની Provisional Vacancy (કામચલાઉ ખાલી બેઠકો) વેબસાઇટ પર ઉપલબ્ધ છે. Final Vacancy (અંતિમ ખાલી બેઠકો) 24.08.2026ના રોજ બપોરે 12:00 વાગ્યે જાહેર કરવામાં આવશે. ઓફલાઇન રાઉન્ડમાં હાજર થતાં પહેલાં ઉમેદવારોએ અંતિમ ખાલી બેઠકોની સ્થિતિ અવશ્ય તપાસવી.
5. તમામ ઉમેદવારોએ ખાસ નોંધ લેવી કે, ઓફલાઇન રાઉન્ડમાં સંમતિ આપવાથી અથવા તેમાં ભાગ લેવાથી પ્રવેશની કોઈ ખાતરી મળતી નથી. Reshufflingના કારણે ઊભી થતી ખાલી બેઠકો પણ આ જ રાઉન્ડમાં ફાળવવામાં આવી શકે છે, પરંતુ આવી ફાળવણીથી મેરિટના નિયમોનો ભંગ ન થવો જોઈએ.
6. જો ઉમેદવારને નવી બેઠક ફાળવવામાં આવે અને તેના કારણે અગાઉનો પ્રવેશ રદ થાય, તો અગાઉના રાઉન્ડમાં ચૂકવવામાં આવેલી ફી Degree Engineering માટેની Vacant Seats Admission Rulesના Rule 17 મુજબ પરત કરવામાં આવશે.
7. ઓફલાઇન રાઉન્ડમાં ભાગ લેવા માટે સંમતિ આપવાની છેલ્લી તારીખ 23.08.2026 સાંજે 5:00 વાગ્યા સુધી છે. નિર્ધારિત સમયમર્યાદા બાદ સંમતિ આપવા અંગેની કોઈપણ વિનંતી સ્વીકારવામાં આવશે નહીં.
8. જો ઓફલાઇન રાઉન્ડ બાદ માત્ર બેઠક ફાળવવામાં ન આવવાને કારણે (non-allotment) કોઈ ખાલી બેઠક ઊભી થાય, તો તેની માહિતી માટેની નોટિસ અને જાહેરાત 27.08.2026ના રોજ ACPCની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.
9. જે ઉમેદવારો પાસે ACPC Rank નથી, તેઓ પણ આ રાઉન્ડમાં બેઠક ફાળવવામાં ન આવવાને કારણે ઊભી થતી ખાલી બેઠકો માટે 27.08.2026ના રોજ જાહેર કરવામાં આવનાર રાઉન્ડમાં ભાગ લઈ શકશે, જો તે અંગેનો રાઉન્ડ ACPC દ્વારા જાહેર કરવામાં આવશે.